# સફળતાની સંજીવની: ફાર્મા ક્ષેત્રમાં ગુજરાતને ગૌરવ આપનાર એપ્ટ્સના એમ.ડી. તેજસ હાથી



૬૦૦૦ રૂપિયાની નોકરીથી કારકિર્દીની શરૂઆત કરનાર તેજસભાઈ હાથી કે જેઓ માત્ર દોઢ દાયકામાં કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતી એપ્ટ્સ ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીના સ્થાપક ફાઉન્ડર છે: સારંગપુરના હનુમાનદાદા જેમની પ્રેરણા છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે દિશા પ્રેરક: સાધારણ પરિવારના આ પુત્રએ સંઘર્ષમાં પણ સમયના થીંગડાં મારીને સંજોગ બદલ્યા અને મેડિકલ રિપ્રેઝન્ટિવથી શરૂ કરેલી સફર દવાની કંપનીના માલિક સુધી પહોંચી.

: એક સામાન્ય વર્ગીય પરિવારના તેજસ્વી તારલાએ... જેવું નામ એવું જ જીવન.. આ નામ એટલે તેજસ હાથી.. જેમની પ્રેરણા બન્યા છે અંજની પુત્ર હનુમાનદાદા, 'ને દિશા પ્રેરક છે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી. આજે વ્યક્તિ વિશેષમાં એક એવી હસ્તી છે જેમને સફળતાની સંજીવનીથી ફાર્મા ક્ષેત્રમાં ગુજરાતને ગૌરવ આપ્યું છે. ૬૦૦૦ રૂપિયાની નોકરીથી કારકિર્દીની શરૂઆત કરનાર તેજસભાઈ હાથી કે જેઓ માત્ર દોઢ દાયકામાં કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતી એપ્ટ્સ ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીના સ્થાપક ફાઉન્ડર છે. આ ફાર્મા કંપનીના એમ.ડી. તેજસ હાથીએ શૂન્યમાંથી સર્જન કર્યું છે. કનેક્ટિંગ લાઇફ... જે તેમની એપ્ટ્સ ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ સિગ્નચર ટેગ લાઇન છે તેની જેમ જ તેજસ હાથી પોતે ઝિંદાદિલ, દિલદાર અને પાણીદાર તેજસ્વી વિશાળ વ્યક્તિત્વ છે. ગુણવત્તા (QUALITY), વિશ્વાસનો સંપાદન ( TRUSTWORTHINESS), વચનબદ્ધ (COMMITMENT તેમ જ પરિશ્રમ (HARDWORK)..... બસ, આ ચાર અમૂલ્ય માપદંડોને વળગીને વર્ષ ૨૦૧૧માં એપ્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીને જન્મ આપનાર તેજસ હાથીનો સંઘર્ષકાળ પણ દવાની જેમ કડવો અને આકરો રહ્યો છે. પુરુષાર્થ વગર તો પ્રારબ્ધ પણ પાંગળું છે, તેવી જ રીતે તેજસભાઈ હાથીએ તેમનાં માતા-પિતા અને પત્નીની મદદથી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી અને તેમની લકીરોમાં પ્રારબ્ધિની લબ્ધિનું પ્રિસ્ક્રિપ્શન છેવટે ઈશ્વરે ફાડ્યું અને આજે તેમની આ ફાર્મા કંપની જાયન્ટ કંપની



તરફ આગેકૂચ કરી રહી છે. સાથે ભારતના દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વોકલ ફોર લોકલના સ્વપ્નને સાકાર કરી રહી છે.

તેમની આ સફળતાના અતીતમાં ડોકિયું કરીએ તો આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર ખાતે તેજસભાઈ હાથીનો લોહાણા પરિવારમાં જન્મ થયો હતો. રઘુકુળ વંશજના તેજસભાઈ હાથીના પપ્પા મહેશભાઈ હાથી પીજીવીસીએલમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા અને મમ્મી હિનાબહેન હાથીએ પોતાનાં બાળકોમાં સંસ્કારોનું સિંચન કરવા માટે ગૃહિણી તરીકેની જવાબદારી નિભાવી હતી. સામાન્ય નજીવા પગારમાંથી જીવન નિર્વાહ ચલાવવો અઘરો હતો. જૂના ચોપડાઓ અને ઘસાયેલા યુનિફોર્મ સાથે અભ્યાસ કરતા તેજસભાઈ ઘરની પરિસ્થિતિથી વાકેફ હતા. આથી ક્યારેય તેમને તેમની ઇચ્છાઓ મમ્મી કે પપ્પા સામે મૂકી ન હતી. નાની ઉંમરે જવાબદારીનું આવરણ સ્વીકારીને પરિવારના આ પુત્રએ પોતાનો અભ્યાસ પૂર્ણ કરી શકે અને પિતાનો હાથવાટકો બની ટ્યૂશન કરાવતા તેમાંથી આવતી ફીથી પોતાનો અભ્યાસ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં MBA સાથે પૂરો કર્યો. આર્થિક રીતે કપરી પરિસ્થિતિમાંથી પરિવારને ઉગારવા માટે કર્મભૂમિ રાજકોટ પસંદ કરી અને ૨૦૦૩માં તેજસભાઈ રાજકોટમાં આવેલી એક ખાનગી કંપનીમાં નોકરીમાં જોડાયા. બચપણથી સ્વપ્ન તો ખૂબ વિશાળ હતા, પણ સંજોગ પ્રમાણે પ્રાઇવેટ નોકરી સ્વીકારવી પડી. આ સમયે તેમનો પગાર ૬૦૦૦ રૂપિયા હતો. જોકે તેમની ડિગ્રીને અનુરૂપ કામ ન હતું તેમ છતાં વાસ્તવિક પરિસ્થિતિને સ્વીકારીને તેજસભાઈએ એક ડેપોના ઇન હાઉસમાં વર્ક કર્યું. આ ખાસ મુલાકાતમાં ભૂતકાળમાં સરી પડતા યાદ કરતા કહે છે કે, બિઝનેસ મૅનેજમૅન્ટની ડિગ્રી હોવા છતાં પણ એક ઑફિસ-બોય જે રીતે કામ કરે તેવું જ કામ મારા ઉપર નાખવામાં આવતું હતું તેમ છતાં મેં હસતાં-હસતાં આ કામ કર્યું.. કદાચ આ નોકરી મારા માટે સફળતાની સીડી બની છે. એ સમયના મારા શેઠે એક વાર મને કહ્યું કે, તારા નખરાં કંપનીના એક માલિક જેવા છે. બસ... આ વાતે મારા સ્વમાન પર સીધો ઘા માર્યો 'ને જેમાં મારા હૃદયનો અવાજ હું સાંભળી શક્યો.




ત્યાર બાદ આ નોકરી છોડી દીધી અને ધીમે ધીમે મારા લક્ષ્ય તરફ હું આગળ વધવા માંડ્યો. આ સમયે હું દવાની એક કંપનીમાં મેડિકલ રિપ્રેન્ઝન્ટિવ તરીકે જોડાયો. ખૂબ જ ઓછા સમયમાં સુપેરે જવાબદારી નિભાવ્યા બાદ એમ.આર.થી લઈ જનરલ સેલ્સ મેનેજર સુધીનો સફળતાપૂર્વક પ્રવાસ ખેડયો. આ દરમિયાન ફરી એક વખત, તૂજે વક્ત બદલના હૈ....ગીત જેવા શબ્દો હૃદયમાં ગુંજયા 'ને હવે તો દિલ સાથે દિમાગ પર આ ભીષ્મપ્રતિજ્ઞા સાથે જોડાઈ ગયું...

ઈશ્વરે જાણે પેલા બૉસ પાસે શબ્દો બોલાવ્યા હતા 'ને એ ૨૦૧૧માં સાચા પડ્યા..તેજસ





હાથીએ આ વર્ષમાં પોતાના ખ્વાબને સાકાર કર્યું અને એપ્ટ્સ ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ કનેક્ટિંગ લાઇફ કંપનીની સાથે એન્ટરપ્રિન્યોર બની ગયા. ત્યારે વાચકોને મનમાં ઊભી કુતૂહલતા જાગી હશે કે બિઝનેસની ડિગ્રી મેળવનાર આ વ્યક્તિએ દવાની કંપની કઈ રીતે બનાવી હશે..?? એમનો જવાબ આપતા તેજસ હાથી કહે છે કે, જેમ કામ કામને શીખવે તેમ ફાર્માના ફિલ્ડમાં કામ કર્યું હોવાથી તેમાં મને પારંગતતા આવી ગઈ હતી. મારો આઇડિયા અને ટીમની મહેનત રંગ લાવી. મારા અનુભવનો નિચોડ મારી આ કંપનીમાં નાખી દીધો. જોકે જેના માટે મારી પોતાની સાથે મારી વાઇફ પણ પૂરેપૂરી નિચોવાઈ ગઈ. છતાંય તેજલે મારો સાથ ક્યારેય ન છોડ્યો. જેમ રસ્તામાં ધુમ્મસના લીધે બધું ધૂંધળું દેખાય, પણ જો આ ઝાકળના બિંદુ મોતી બને તેવા આહ્લાદક અનુભવ થાય એમ કંપની શરૂ કરી ત્યારે મારી સાથે મારી આખી ટીમે એ સંઘર્ષનું ખેડાણ કર્યા પછી મળેલી સફળતાનો સ્વાદ મધુરો લાગ્યો છે. એપ્ટ્સ ફાર્મા ૯ સેગમેન્ટમાં ૧૨૦થી વધુ પ્રોડક્ટ બનાવે છે. જેમાં ઍન્ટિબાયોટિક, પેઇન મૅનેજમૅન્ટ, એસીડીટી, લાઇફ સ્ટાઇલ ડિસીઝ વગેરેનો સમાવેશ થાય છે. CHLKUL, KOLTUS, NUTRITUS તેમની જાણીતી બ્રાન્ડ છે. હજારો ડૉક્ટરો સાથે લાખો દર્દીઓ માટે પણ આ ફાર્મા કંપનીની દવા વિશ્વાસ બની છે.

એટલું જ નહીં, તેમની આ કંપની અલગ અલગ માપદંડોમાં ઍવૉર્ડ મેળવી ચૂકેલી છે. એમ.એસ.એમ.ઇ. સેગમેન્ટમાં બેસ્ટ કંપની ઇન ક્વૉલિટી કંટ્રોલનો ઍવૉર્ડ ઉપરાંત તેમની ખાસ બ્રાન્ડ CHILKUL ને પણ ઍવૉર્ડ મળ્યો છે, આ વાત ગર્વ અને ગૌરવ સમાન છે. કંપનીના સ્થાપનાના ખૂબ જ ટૂંકા સમયમાં નેશનલ મેપમાં અંકિત થયેલી કંપની છે, જેની પાછળ તેજસભાઈ હાથીની દીર્ઘદ્રષ્ટિ અને મેડિકલ ફિલ્ડનો બહોળો અનુભવ મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે, તો તેજસભાઈ સાથે અડીખમ તેમના ધર્મ પત્ની તેજલબહેન અને ખરા અર્થમાં કહી શકે તો અરાઉન્ડ ધ વર્લ્ડ આ કંપની માટે રહી છે તેમની મજબૂત ટીમ. અત્રે ખાસ નોંધનીય છે કે તેજસભાઈએ તેમના કર્મચારીઓને ક્યારેય પણ સ્ટાફ તરીકે નહીં, પણ પરિવારના મહત્ત્વપૂર્ણ અંગ તરીકે ગણ્યા છે. પોતે એમ.ડી છે તેમની આ ઉચ્ચ હોદ્દાની છાંટ તેજસભાઈએ તેમના વ્યક્તિત્વમાં પડવા દીધી નથી. તેમનું સ્પષ્ટ માનવું છે કે સૌથી મૂલ્યવાન અને વાસ્તવિક મિલકત એ છે કે અન્ય લોકોના હૃદયમાં તમે જગ્યા રોકો છો.

કંપનીનો પાયો નખાયો ત્યારથી જ તેમની આ ટીમ પણ તેમની સાથે ઊભી રહી છે.

જીવન ચક્રમાં ઋતુની જેમ પણ અનેક તબક્કા આવતા હોય છે, તેવી જ રીતે કંપનીની શરૂઆત થયા બાદ પછી વચ્ચેના સમયગાળામાં અનેક પડકારો પણ સામે આવ્યા જેમાં પણ ચટ્ટાન જેમ તોફાની દરિયાનો સામનો કરી તેજસભાઈ પણ અડીખમ ઊભા રહ્યા અને ફરી એક વખત કંપનીને અગ્રેસર બનાવી. તેમનું નેટવર્થ ૧૦૦ કરોડના ક્લબ સુધી પહોંચવાના ટકોરા પર છે. કંપનીના ચાર સેન્ટર વેરહાઉસ છે ; વર્લ્ડ ક્લાસ કહી શકાય તેવી લેબ છે. રો મટીરિયલથી ફિનિશિંગ પ્રોડક્ટમાં નવ ફાર્મા જાયન્ટ મેન્યુફેક્ચરિંગ કંપની સાથે એમ.ઓ.યુ. કર્યા છે. આ કંપનીમાં ૬૭ ડિસ્ટ્રિબ્યુટર, વિશાળ માર્કેટિંગ ટીમ, સેલ્સ ટીમ કાર્યરત છે. આ તકે તેજસભાઈ કહે છે કે, મેડિસિન મારું કોમર્સ છે, પણ બીજાના જીવનનું ઓક્સિજન છે. કોઈ પણ વ્યક્તિ દવા લે છે ત્યારે તેનો શોખ નથી, પણ



તકલીફ હોય અને એ પીડા માંથી મુક્ત થવા માટે દવા લેતો હોય છે. રોગ મુક્તિ માટે સંકટની સંજીવની બનાવવું એ મારું અને કંપનીની નીતિ છે. આથી બેસ્ટ ક્વોલિટી લોકો સુધી પહોંચવી જોઈએ. કંપનીની કોર વેલ્યુ પણ કવૉલિટી, ટ્રસ્ટવર્થનેસ, કમિટમૅન્ટ અને હાર્ડવર્ક છે.

કોરોના કાળમાં સમયે તેજસભાઈ હાથી સમાજ સેવા કરવાનું ઋણ ચૂક્યા ન હતા. લાખો રૂપિયાની દવા લોકો સુધી વિનામૂલ્યે પહોંચાડી હતી. તેઓનું માનવું છે કે આ સમય કુદરતે સેવા કરવા માટેનો આપણને મોકો આપ્યો છે તો સમાજને આપણાથી બનતું ચોક્કસ પ્રદાન કરવું જોઈએ. ઇન્ડિયન ડ્રગ મેન્યુફેક્ચરિંગ એસોસિયેશનના ઇસી મેમ્બર કે જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભણયા ત્યાં જ એમબીએ વિભાગમાં બોર્ડ મેમ્બર પણ છે. તેમની કંપની હવે ટૂંક સમયમાં મેડિસિન એક્સપોર્ટ કરશે. ગ્લોબલ પ્રેઝન્ટેશન માટે તેમનો મેપ તૈયાર છે અને ભવિષ્યમાં તેજસભાઈ કોસ્મેટિક પ્રોડક્ટ લોન્ચ કરવાના મૂડમાં છે. તેઓ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિચારોથી પ્રભાવિત છે અને તેમના માર્ગદર્શન હેઠળ ચાલી રહ્યા છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેડ ઇન ઇન્ડિયા..મેક ઇન ઇન્ડિયાનું જે સૂત્ર આપ્યું છે તેના પર ખુદ તેજસ ભાઈ ચાલી રહ્યા છે. કંપનીના માધ્યમથી રાષ્ટ્રીય કક્ષાએ યુવાનોને રોજગારી મળે તે તેમનું લક્ષ્ય છે, જેથી કરીને વોકલ ફોર લોકલને પણ પ્રાધાન્ય આપી શકાય. વડાપ્રધાન મોદી સાથે હનુમાનજી તેજસભાઈ માટે પ્રેરણા મૂર્તિ બન્યા છે. સાળંગપુર ખાતે બિરાજમાન કષ્ટભંજન હનુમાન દાદાના તે પરમ ભક્ત છે. તેઓ માને છે કે આજે હું અહીં સફળતાના મુકામ પર છું એ દાદાના જ આશીર્વાદ છે.

બચપણથી જ કઠિન પરિસ્થિતિ સામે સંઘર્ષના થીંગડાં મારીને અહીં સફળતા સુધી પહોંચ્યા છે. તેમાં તડકા છાયા રૂપી સુખ-દુ:ખના સાથી તેજલબહેનનું સમર્પણ પણ શિરમોર રહ્યું છે. ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ પરિવાર સાથે સંકળાયેલા પરિવારનાં પુત્રી છે. તેજસભાઈ સાથે જ્યારે લગ્નગ્રંથિથી જોડાયા અને સપ્તપદીમાં જે સાત વચનો લીધા હતા તે તેમણે પતિના સુખ અને દુ:ખ વચ્ચે જીરવી પણ જાણ્યા, આજે કંપનીનું બૅક ઑફિસનું કામ તેઓ સંભાળી રહ્યા છે. પુત્રનો અભ્યાસ અને પરિવારજનોની જવાબદારી વચ્ચે તેજલબહેન પતિ સાથે કદમથી કદમ માંડી રહ્યાં છે.

મેડિકલ ક્ષેત્રમાં ટૂંક સમયમાં જ મહારથીનું બિરુદ મેળવનાર તેજસ હાથી માટે એકલું સફળતા માટે શોર્ટકટ નહીં, પણ પરિશ્રમનો પરસેવો પાડી તરવરાટનું તેજ પાથર્યું છે. આ મુલાકાતના અંતમાં તેઓ બે શબ્દ વર્ણવે છે, કે તમે તમારાં મૂલ્યોને વળગી રહો, સફળતા ચોક્કસ મળશે, કામ બેંકરૂપી લોકર છે તેને મહેનતરૂપી ચાવી લગાવતા રહો...

***લાસ્ટ બટ નો લિસ્ટ...***

***હૈયાની હાટડીમાં પ્રેમની દવા વેચવા બેઠો છું... ના રાજ જોઈએ... ના જોઈએ તાજ..***